પત્રિકા
૨૧૨

# ચિરાગે હિદાયત

૨૬/૦૫/૧૯
૨૦ રમઝાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૦ રમઝાન/૨૬ મે : શબે કદ્ર
૨૧ રમઝાન/૨૭ મે : શહાદતે હઝરત અલી(અ.સ.)
૨૨ રમઝાન/૨૮ મે : શબે કદ્ર
૨૩ રમઝાન/૨૯ મે : કુરઆને મજીદ નાઝિલ થયું.

## હઝરત અલી(અ.સ.)ની મઝલૂમીય્યત

માહે રમઝાનની ૨૧ તારીખ હિ.સ.૪૦ એ મહાન વિજેતા અને સર્વશ્રેષ્ઠ માનવીની શહાદતનો દિવસ કે જેના માટે જેટલા પણ આંસુ સારીએ તેટલા ઓછા છે. મૌલા અલી(અ.સ.)ની રહેલત બાદ ઈમામ હસન(અ.સ.)એ લોકોને સંબોધીને કહ્યું કે “ભાઈઓ! આપણે આજે એક મહાન શખ્સીય્યતને ગુમાવીએ છીએ જેને એવી રાત્રે શહીદ કરવામાં આવ્યા છે કે જે રાત્રે હઝરત ઈસા(અ.સ.)ને આકાશ ઉપર બોલાવવામાં આવ્યા હતા અને જે રાત્રે હઝરત મુસા(અ.સ.)ના વસી યુશોઅ બીન નૂનને મારી નાખવામાં આવ્યા હતા.”

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની શહાદત બાદ આપ(અ.સ.)ની મઝલૂમીય્યત એટલી હદે વધી ગઈ કે તેનું વર્ણન કરવા માટે મૌલા અલી(અ.સ.)એ આખો ખુત્બો બયાન કર્યો. જે (નહજુલ બલાગાહમાં ત્રીજો ખુત્બો) ‘ખુત્બએ શકશકીયાહ’ના નામે મશહૂર છે

ઈમામ(અ.સ.) ફરમાવે છે ''ખુદાની કસમ! એ લોકો જાણતા હતા કે ખિલાફતનો હકદાર હું છું અને એટલું જ નહી પણ એ ખિલાફતમાં મારૂં સ્થાન ઘંટીમાં મેખનું હોય તેવું હતું. તો પણ ખિલાફતના પહેરણને તાણીને ખેંચીને પહેરી લીધું'' અને એટલે જ મૌલા અલી(અ.સ.)ને આવી રીતે સલામ કરવામાં આવે છે ''અસ્સલામો અલય્ક યા વલીય્યલ્લાહે અન્ત અવ્વલ મઝલૂમ વ અવ્વલ મન ગઝબ હક્ક સબરત''

મૌલા અલી(અ.સ.)એ પોતાની આ મઝલૂમીય્યત (હક ગસ્બ) ઉપર જે સબ્ર કરી એને ઈમામ(અ.સ.) આવી રીતે બયાન કરે છે કે મેં સબ્ર તો કરી પણ આંખોમાં રજના કાંકરા ખૂંચતા હતા અને ગળામાં દુઃખ-ગમનો ફાંસો પડ્યો હતો. હું મારો વારસો લૂંટાતો જોઈ રહ્યો હતો.

ઈમામ(અ.સ.)ને ખિલાફતનો ગમ ન હતો પણ ઈમામ(અ.સ.)ને દુઃખ એ હતુ કે ખિલાફત એવા લોકોના હાથોમાં હતી જેઓ અલ્લાહના માલને એવી રીતે હડપ કરતા હતા જેવી રીતે ઊંટ શીયાળુ પાકના ઘાસને ચરે છે. એક પછી એક બંનેએ ખિલાફતના સ્તનોને સારી પેટે દોહ્યા અને ખિલાફતને એક કઠણ અને કર્કશ ઠેકાણે રાખી દીધી. જેના ઘસરકા ખુબજ દુઃખદાયક હતા. જેને અડવાથી પણ કર્કશતાનો ભાસ થતો હતો. ઈમામ(અ.સ.)એ

આ લાંબા ગાળા અને સખ્ત મુસીબત ઉપર સબ્ર કરી ત્યાં સુધી કે કૌમનો ત્રીજો શખ્સ પણ આ ખિલાફતનો હકદાર થઇ ગયો અને એ સમય આવી ગયો કે તેઓએ વણેલી રસ્સીના વળ ઉખળી ગયા અને તેઓના હુકમોએ તેઓનો સત્યાનાશ વાળ્યો.

એ સમયે લોકોના હુજુમે મને ભયભીત કરી દીધો અને ચારે બાજુએથી મારા ઉપર તૂટી પડ્યા ત્યાં સુધી કે પરિસ્થિતિ એ થઇ ગઇ કે ઇમામ હસન અને હુસૈન(અ.મુ.સ.) પણ કચળાવા લાગ્યા અને મારી ચાદરના બંને છેડા ફાટી ગયા. બધા મારી આજુબાજુ બકરીના ટોળાની જેમ ઘેરીને બેઠા હતા, પણ જ્યારે હું ખિલાફતના કામ માટે ઉભો થયો તો એક વર્ગે બયઅત તોડી નાખી, બીજો વર્ગ દીનમાંથી નીકળી ગયો અને ત્રીજા વર્ગે તોફાન શરૂ કર્યુ જાણે તેઓએ અલ્લાહના આ હુકમને સાંભળ્યો જ નહોતો કે "આ આખેરતનું ઘર અમે એ લોકો માટે બનાવ્યું છે જેઓ દુનિયામાં ન ઉચ્ચતા ચાહે છે, ન ફસાદ ફેલાવે છે અને સારૂ પરિણામ તો પરહેઝગારો માટે છે."

પછી ઇમામ(અ.સ.) કહે છે "ખુદાની કસમ! લોકોએ આ આયત સાંભળી અને યાદ કરી હતી પણ તેઓની નજરમાં દુનિયાનું સૌંદર્ય વસી ગયુ હતુ અને તેના ઠાઠ–માઠે તેઓને લોભાવી દીધા હતા."

ઈમામ(અ.સ.) કહે છે કે "તમારી આ દુનિયા મારી નજરમાં બકરીની છીંકથી પણ વધારે મુલ્યહીન છે." અહિં આપ(અ.સ.)એ ખુત્બો રોક્યો. જ્યારે ઈબ્ને અબ્બાસે કહ્યું કે "આપ આગળ ફરમાવો તો હઝરત(અ.સ.)એ ફરમાવ્યું "અય ઈબ્ને અબ્બાસ! આ તો એક શકશકા (ચાવેલા ગોશ્તનો એ નરમ લોંચો જે ઊંટના મોંમાથી મસ્તી અને ઉછળવાના સમયે નીકળે છે) હતો જે ઊભરાઈને દબાઈ ગયો."

અઝીઝો! મૌલા અલી(અ.સ.) એ મઝલૂમ હસ્તી હતા કે લોકોએ આપ(અ.સ.)નો જે ફાયદો લેવો જોઈતો હતો તે લેવાને બદલે આપ(અ.સ.)ને હેરાન કરતા, અઝીય્યતો આપી અને આપ(અ.સ.)ના પ્રત્યે દિલમાં બુગ્ઝ અને કિનો રાખ્યો. છતા મૌલા અલી(અ.સ.) હંમેશા લોકોને પોતાના ઈલ્મથી ફૈઝયાબ કરતા કે દુશ્મનને પણ કહેવું પડ્યું કે "અલી ન હોતે તો ઉમર હલાક થઈ જાત."

આપ(અ.સ.)એ મરતા દમ સુધી લોકોને નસીહતો કરી અને આપ(અ.સ.)ની જે વસીય્યત છે તે પણ પરના સ્વરૂપમાં નહેજુલ બલાગાહમાં મૌજૂદ છે. તેના અમુક બિંદુઓ :-

ઈમામ(અ.સ.) ફરમાવે છે :-

– બેટા ! હું તમને ખુદાથી ડરવાની અને તેની ઈતાઅતની વસીય્યત કરૂં છું

- તમારા દિલોને નસીહતો વડે જીવંત રાખજો અને વાસનાઓને સંયમ (ઝોહદ)થી મારી નાખજો.
- આખેરતને દુનિયાના બદલે વેંચી ન મારતા.
- મારી શ્રેષ્ઠ વસીય્યત જે જીવનમાં ઉતારવી છે એ આ છે કે અલ્લાહનો તકવા ઈખ્તેયાર કરો અને તેની ફરજોને પૂરી સમજો.
- ખુદાના માર્ગમાં જેહાદ કરતા રહેજો અને તેનો હક અદા કરજો.
- દીનનું ઈલ્મ પ્રાપ્ત કરજો.
- જીવનના પ્રતિકુળ સંજોગોમાં ધીરજની ટેવ પાડી દેજો.
- યાદ રાખજો! શ્રેષ્ઠ સદ્‌ગુણ હકના માર્ગમાં સબ્ર કરવી છે.
- નવયુવાનનું દિલ એક ખાલી ઝમીન જેવું હોય છે, જે વસ્તુ નાખવામાં આવે તેને કબૂલ કરી લે છે.
- મારી વસીય્યત પર મનન કરતા રહેજો. તેનાથી દામન બચાવીને પસાર ન થઈ જજો કેમકે શ્રેષ્ઠ કલામ એ જ છે જે લાભદાયક હોય.

(નહજુલ બલાગાહ પત્ર-૩૧, વસીય્યત)

અલ્લાહ તઆલાની બારગાહમાં આ મઝલૂમ હસ્તીનો વાસ્તો આપીને દુઆ કરીએ કે ઈમામે ઝમાના(અ..સ.)ના ઝહુરમાં તાઅજીલ ફરમાવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com